# નવિ પિલ્લેઃ એક એવી સ્ત્રી, જે તાકાતવર લોકો પાસે સબૂત માંગતી રહી



**9 ઓક્ટોબરના રોજ જ્યારે નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાત થઈ, ત્યારે પિલ્લે જર્મનીના ન્યુરેમબર્ગમાં હતાં- આ એ જ શહેર છે, જ્યાં બીજા વિશ્વયુદ્ધ પછી નાઝી નેતાઓ પર ઐતિહાસિક મુકદ્દમા ચાલ્યા હતા**

**ફાયરવોલ**



**રાજ ગોસ્વામી**

છ-સાત વર્ષની એક બાળકી તેના પિતા સાથે અદાલત ગઈ હતી. પિતાની સાથે કામ કરતા એક માણસે તેમના પૈસા ચોરી લીધા હતા. દક્ષિણ આફ્રિકાના ડરબનની અદાલતમાં કેસ ચાલ્યો. આરોપી દોષિત ઠર્યો, પણ પિતાને પૈસા પાછા ન મળ્યા. બાળકીના મનમાં એક સવાલ અટકી ગયો; ચોરને જો સજા મળી ગઈ હોય, તો પિતાના પૈસા ક્યાં ગયા? શું આ ન્યાય કહેવાય?

બાળકીનું નામ હતું નવનેથમ પિલ્લે (અથવા પિલ્લાઈ). નવનેથમ તમિલ નામ છે; અર્થ થાય છે 'તાજું માખણ.'દુનિયા આજે તેને 'નવિ'ના નામથી જાણે છે. ગઈ નવમી ઓક્ટોબરના રોજ તેને 2026નો શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર આપવાની જાહેરાત થઈ, ત્યારે તે ન્યાય અને માનવાધિકારોની લડાઈમાં છ દાયકાઓથી વધુ સમય વિતાવી ચુકી હતી. પરંતુ તેની વાર્તાનું બીજ કદાચ એ જ દિવસે રોપાઈ ગયું હતું, જ્યારે ડરબનની અદાલતમાંથી પાછી આવેલી નાનકડી બાળકી એ સમજવાની કોશિશ કરી રહી હતી કે ચુકાદા અને ન્યાયમાં ફરક શું હોય છે.

23 સપ્ટેમ્બર 1941ના રોજ, ડરબનમાં જન્મેલી નવિના તમિલ પિતા બસ-ડ્રાઈવર હતા. તેનાં દાદા-દાદી મજદૂર (ગિરમિટિયા) તરીકે ભારતથી આવ્યાં હતાં, અને શેરડીના ખેતરમાં કામ કરતાં હતાં. આઠ સંતાનો વાળા પરિવારમાં સંસાધનો સીમિત હતાં, પણ ભણવાનું મહત્વ સમજમાં આવતું હતું.

તેમનું બાળપણ રંગભેદના સમયમાં પસાર થયું હતું. દક્ષિણ આફ્રિકામાં વંશના આધાર પર લોકોના રહેવા, ભણવા, ફરવા અને સાર્વજનિક સુવિધાઓનો ઉપયોગ સુદ્ધાં પર પ્રતિબંધો હતા. પિલ્લેએ પાછળથી યાદ કરીને કહ્યું હતું કે ક્રિસમસના દિવસોમાં તેમના પિતા પરિવારને ગાડીમાં સમુદ્ર કિનારે લઈ જતા હતા. ત્યાં ઉતરવાની પરવાનગી નહોતી. એટલે પરિવાર ગાડીમાં બેસીને ક્રિસમસ ટ્રી જોતો. સમુદ્રનો કિનારો, પાર્ક અને બાળકાના ઝૂલા પણ શ્વેત લોકોની પહોંચ બહાર હતા.

કલ્પના કરો. એક બાળકી તેના શહેરમાં તહેવારની રોશનીને દૂરથી જોઈ શકે, પણ તેની વચ્ચે જઈને ઉભી રહી ન શકે. તે ઝાડને જોઈ શકે, પણ તેની મરજીથી રોડ પર ચાલી ન શકે. એક ઈન્ટરવ્યુમાં પિલ્લેએ કહ્યું હતું કે જે દમનકારી માહોલમાં તે મોટી થઈ હતી, તેની ભયાનકતા તે ખુદ સમજી શકી નહોતી. પરંતુ આ એક અન્યાય છે તેવો અહેસાસ તેની અંદર આકાર લઈ રહ્યો હતો.

નવ વર્ષની ઉંમરે તેમણે સ્કૂલમાં ન્યાય પર એક નિબંધ લખ્યો હતો. તેમાં બે એક સરખા કિસ્સાનો ઉલ્લેખ હતો- એકમાં શ્વેત વ્યક્તિ છૂટી જાય છે, જ્યારે બીજામાં અશ્વેત વ્યક્તિને આજીવન કેદ થાય છે. પિલ્લેના ઘરમાં ન તો અખબાર હતું, ન રેડિયો, ન ટેલિવિઝન. તો અસમાનતાની સભાનતા તેના બાળ મનમાં ક્યાંથી આવી હશે? કદાચ એ માહોલમાંથી, જેમાં તે ખુદ જીવતી હતી.

પાછળથી જે સ્ત્રીએ દુનિયાની સૌથી મોટી અદાલતોમાં ન્યાયના સવાલો ઉઠાવ્યા હતા, તેના માટે આ સબક કોઈ પુસ્તકમાંથી નહીં, પોતાની આસપાસની જિંદગીમાંથી આવ્યો હતો. તેમની સ્કૂલના પ્રિન્સીપાલે એ બાળકીની પ્રતિભા ઓળખી હતી. તે મોટી થઈ તે પછી પરિવાર અને સમુદાયે ભેગા મળીને તેના ભણવા માટે પૈસા એકઠા કર્યા હતા. તેમણે કાનૂનનો અભ્યાસ કર્યો હતો, પણ ડિગ્રી મળી જવાનો અર્થ એ નહીં કે રસ્તાઓ ખુલી ગયા હતા.

તેમના ક્લાસ ક્યારેક બટાકાના ગોડાઉનમાં લેવાતા હતા. કોલેજમાં પણ રંગના આધારે ભેદભાવ હતો. જે વ્યવસાયનો મૂળ સિદ્ધાંત બરાબરીનો હતો, તેના ઉંબરા પર જ ભેદભાવ ઉભો હતો.

1965માં કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, 1967માં પિલ્લેએ નાતાલ પ્રાંતમાં તેમની કાનૂની પ્રેક્ટિસ શરૂ કરી. ત્યાં તે પ્રથમ મહિલા શ્વેત વકીલ હતા. આ માત્ર વ્યવસાય નહોતો, પણ એવી વ્યવસ્થાને પડકારવા માટેનું હથિયાર હતું જેણે પહેલેથી જ નક્કી કર્યું હતું કે કોણે ક્યાં બેસવું અને કોની વાત સાંભળવી.

તેમણે રંગભેદનો વિરોધ કરતા કાર્યકરોનો બચાવ કર્યો. 1973માં તેમની કાનૂની લડાઈને કારણે રાજકીય કેદીઓ માટે વકીલો સુધી પહોંચવાનો માર્ગ ખુલ્યો. રોબેન આઈલેન્ડની જેલમાં બંધ કેદીઓમાં નેલ્સન મંડેલા પણ સામેલ હતા.પિલ્લે માટે કાયદાનો અર્થ માત્ર કલમો અને ચુકાદાઓ નહોતા. તેનો અર્થ એ હતો કે કોઈપણ માણસને વ્યવસ્થાની મરજી પર છોડી ન દેવો.

1994માં રવાન્ડામાં નરસંહાર થયો. લાખો લોકો માર્યા ગયા અને અસંખ્ય મહિલાઓએ જાતીય હિંસાનો સામનો કરવો પડ્યો. પછીના વર્ષે પિલ્લે રવાન્ડા માટે રચાયેલા આંતરરાષ્ટ્રીય ફોજદારી ટ્રિબ્યુનલના ન્યાયાધીશ બન્યા. એ એક ઐતિહાસિક ખટલો હતો. 1998માં જીન-પૉલ અકાયેસુના કેસના ઐતિહાસિક ચુકાદાએ સ્થાપિત કર્યું કે વિશેષ સંજોગોમાં, કોઈ સમુદાયના નાશ કરવાના ઈરાદાથી કરવામાં આવેલ બળાત્કાર અને જાતીય હિંસા નરસંહાર જ કહેવાય. આંતરરાષ્ટ્રીય ફોજદારી કાયદાના ઈતિહાસમાં આ એક નિર્ણાયક વળાંક હતો.

મહિલાઓ સામેની હિંસાનો પ્રશ્ન તેમના માટે માત્ર કોઈ આંતરરાષ્ટ્રીય સંમેલનનો વિષય ન હતો; તે તેમના લાંબા જાહેર જીવનનો એક ભાગ હતો. તેમની આ ભૂમિકાના કારણે જ પિલ્લે દક્ષિણ આફ્રિકાની હાઈકોર્ટમાં નિયુક્ત થયાં. બાદમાં તેમણે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતમાં ન્યાયાધીશ તરીકે કામ કર્યું અને 2008 થી 2014 સુધી સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર માટેના હાઈ કમિશનર રહ્યા. 2021 થી 2025 સુધી, તેમણે પેલેસ્ટિનિયન પ્રદેશ અને ઈઝરાયેલ સંબંધિત સંયુક્ત રાષ્ટ્ર તપાસ પંચની અધ્યક્ષતા પણ કરી.

તેમની આ ભૂમિકા અને પંચના તારણો પર ઉગ્ર રાજકીય વિવાદો થયા છે. ઈઝરાયેલે પંચના અહેવાલને ફગાવી દીધો છે. આ વિવાદ સાથે અસંમત થઈ શકાય છે, પરંતુ તેનાથી એ સમજવાની તક પણ મળે છે કે આંતરરાષ્ટ્રીય કાયદાનો પ્રશ્ન આજે કેટલો મુશ્કેલ છેઃ જો કોઈ રાજ્ય અથવા નેતા પર ગંભીર ગુનાના આરોપ હોય તો શું તેને પણ જવાબદાર ઠેરવી શકાય છે?

9 ઓક્ટોબરના રોજ જ્યારે નોબેલ શાંતિ પુરસ્કારની જાહેરાત થઈ, ત્યારે પિલ્લે જર્મનીના ન્યુરેમબર્ગમાં હતાં- આ એ જ શહેર છે, જ્યાં બીજા વિશ્વયુદ્ધ પછી નાઝી નેતાઓ પર ઐતિહાસિક મુકદ્દમા ચાલ્યા હતા. બાદમાં તેમણે જણાવ્યું કે એક ન્યાયાધીશની જેમ તેમને પુરસ્કારના સમાચારની પણ લેખિત પુષ્ટિ જોઈતી હતી. જ્યારે પત્ર વાંચ્યો, ત્યારે વિશ્વાસ થયો કે આ સાચું છે.

તેમની આત્મકથા લખનાર સેમ નાયડુએ તેમને જમીન સાથે જોડાયેલા, સ્પષ્ટવક્તા અને ગજબની રમુજવૃત્તિ ધરાવતા મહિલા ગણાવ્યા છે. પુરસ્કાર મળ્યા પછી તેમને પૂછવામાં આવ્યું કે તેઓ હવે આગળ શું કરવા માંગે છે, તો તેમનો જવાબ હતો કે જ્યાં સુધી માનવાધિકારનું ઉલ્લંઘન બંધ નહીં થાય, ત્યાં સુધી તેઓ પોતાનું કામ રોકશે નહીં. ઉંમરના આ તબક્કે પણ તેઓ ન્યાય માટે કામ કરતા રહેવાની વાત કરે છે.

નવિ પિલ્લેની સૌથી મોટી ઉપલબ્ધિ કદાચ એ નથી કે દુનિયાએ તેમને નોબેલ પુરસ્કાર આપ્યો. પરંતુ એ છે કે તેમણે દુનિયાને વારંવાર એ પ્રશ્ન સામે લાવીને ઊભી કરી દીધી, જે એક બાળકીએ બહુ પહેલાં પૂછ્યો હતો; જો અન્યાય થયો છે, તો ન્યાય ક્યાં છે?

અને આ પ્રશ્ન આજે પણ આપણો પીછો કરે છે.

# ઢાંકણઃ ખુલ જા સીમ સીમ



**અહંકારી જણને લાગે છે કે ઢાંકણ વળી એટલું મહત્ત્વનું ક્યારથી થઈ ગયું કે તેને ખોલતી વખતે, તેની સામે જોવા જેટલો ભાવ તેને આપવો પડે?**

**બોલ્યું-ચાલ્યું માફ**



**ઉર્વિશ કોઠારી**

મનુષ્યજીવનમાં પડકારોનો પાર નથી. અસ્તિત્વ ટકાવવાથી માંડીને ધનિકોની યાદીની ટોચે નામ ટકાવી રાખવા સુધીના અને ચૂંટણીમાં ગોલમાલ કરવાથી માંડીને ગોલમાલ પકડાઈ ગયા પછી મોળા નહીં પડવા સુધીના પડકારો જીવનમાં હોય છે. તેમાંથી ઘણાખરાની ઓળખ સ્પષ્ટ હોવાથી, તેનો મુકાબલો કરનારા પ્રત્યે લોકો લાગણી રાખે છે. તેમની સામે ક્યારેક દયાથી, તો ક્યારેક અહોભાવથી જુએ છે. પરંતુ કેટલાક પડકાર છેતરામણા હોય છે. ઉપાડનારને તે આકરા લાગે, પણ જોનારને કે સાંભળનારને થાય કે આને તે કંઈ પડકાર કહેવાય? ડબ્બાનું કે બોટલનું ઢાંકણ ખોલવાની ક્રિયા એવો જ એક છૂપો પડકાર છે.

આટલું વાંચીને કોઈને થાય કે ઢાંકણું ખોલવામાં શી મોથ મારવાની છે? કાં ઢાંકણ ઉંધુ ફેરવીને આંટા ઉતારો, કાં જોર કરીને ઢાંકણ ખેંચો, એટલે ખેલ ખતમ. પણ એ તો થઈ આદર્શ સંજોગોની વાત. કળીયુગમાં આદર્શોની સ્થિતિ કેવી છે તે સૌ જાણે છે-અરે, ઢાંકણાં પણ જાણે છે. એટલે ઘણી વાર તે સીધેસીધાં ખુલવાને બદલે આડાં ફાટે છે. કાળનો ભૂલાવેલો માણસ પહેલાં તો બોટલના કે ડબ્બાના મોં સામે જોયા વિના, બીજા સાથે વાત કરતાં કરતાં, ઢાંકણના વજૂદનો સ્વીકાર સરખો કર્યા વિના, તેને ખોલવાનો પ્રયાસ કરે છે. અહંકારી જણને લાગે છે કે ઢાંકણ વળી એટલું મહત્ત્વનું ક્યારથી થઈ ગયું કે તેને ખોલતી વખતે, તેની સામે જોવા જેટલો ભાવ તેને આપવો પડે?

ખોલવાનો પહેલો પ્રયાસ નિષ્ફળ ગયા પછી પણ એવું જ લાગે છે કે એ તો સહેજ ધ્યાનચૂક થઈ હશે. બાકી, ઢાંકણને ખુલતાં કેટલી વાર? ફરી તે ઢાંકણ તરફ અછડતી દૃષ્ટિ ફેંકીને, બીજી તરફ જોઈને, સ્વાભાવિક ક્રમમાં ઢાંકણ ખોલવાનો પ્રયાસ કરે છે. તેમ છતાં, ઢાંકણ મચક આપતું નથી. એટલે માણસ જરા ધુંધવાય છે. તેને થાય છે કે કાવતરાબાજ ઢાંકણ તેને બીજાની નજરમાં હાંસીપાત્ર ઠેરવવા માટે અવળચંડાઈ પર ઉતરી આવ્યું છે. ભોંઠપ છુપાવવા તે ખાસિયાણું હસીને, 'હમણાં જ આને પાંસરુંદોર કરી દઉં છું' એવી મુદ્રામાં ઢાંકણ ખોલવા સજ્જ થાય છે અને ઘડીભર માટે બંને આંખો ઢાંકણ પર કેન્દ્રિત કરે છે.

જોનારને એમ લાગે છે, જાણે હમણાં આં ખ ો ન ા ત્રાટકથી ઢાંકણ ખુલી જશે, પણ એવી યૌગિક સિદ્ધિ આ જમાનામાં ક્યાંથી લાવવી? પોતાની યોગસિદ્ધિમર્યાદાથી પરિચિત એવો જણ ગંભીર બનીને એક હાથે ડબ્બો કે બોટલ પકડે છે અને બીજા હાથે ઢાંકણ પર જોર અજમાવે છે. ઢાંકણના આંટા ખોલવાના છે કે તેને સીધું ખેંચી કાઢવાનું છે, તે ઘણી વાર સ્પષ્ટ હોતું નથી. એટલે ઢાંકણ-ખોલાર્થી બળપ્રયોગ કરવો કે કળપ્રયોગ તે બાબતે મુંઝારો અનુભવે છે. અસ્થાને કળપ્રયોગ કરતાં ઢાંકણ તેની જગ્યાએ ગોળ ગોળ ફર્યા કરે અને ખોલનારને મૂરખ ઠેરવે એવી આશંકા રહે છે, તો બિનજરૂરી બળપ્રયોગ કરતાં ઢાંકણ તેના આંટા સહિત બહાર ખેંચાઈ આવે ને પછી એકેય રીતે બંધ થવાની સ્થિતિમાં ન રહે, એવી ભીતિ રહે છે.

પૂરા ધ્યાનથી કરાયેલા ઢાંકણ ખોલવાના બે-ત્રણ પ્રયાસ નિષ્ફળ જતાં વાતાવરણ ભારઝલ્લું બનવા માંડે છે. ઘડીક એવો વિચાર પણ આવી જાય છે કે તેને ખોલવા માટે 'ખુલ જા સીમ સીમ' જેવો કોઈ જાદુઈ મંત્ર તો નહીં હોય? ઢાંકણ-ખોલાર્થીના ચહેરા પર ગૂંચવાડો, કરડાકી, સંકલ્પ, ઝાંખપ, રોષ જેવા વિવિધ ભાવોનો મેળો ભરાય છે. ઢાંકણખોલ મામુલી ક્રિયાકલાપ મટીને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બને છે--આસપાસ જોનારા હોય ત્યારે તો ખાસ. કેમ કે, એ લોકો પણ બીજાં કામ પડતાં મુકીને ઢાંકણ ખોલવાના પ્રયાસોમાં રસ લેવા માંડે છે. તેમાંથી કેટલાકની ભૂમિકા ટીવી પર ક્રિકેટ મેચ જોતાં જોતાં, ખેલાડીઓએ કેવી રીતે રમવું જોઈએ તેની સલાહ આપ્યા કરતા ઉત્સાહીઓ જેવી હોય છે. બાઉન્ડ્રીની બહાર બેઠાં બેઠાં તે સલાહસૂચનો વરસાવ્યા કરે છે. કોઈ કાપડના કોરા કટકાથી ઢાંકણાને પકડમાં લઈને, તેને પરાસ્ત કરવા સૂચવે છે, તો કોઈ પ્રતિવાદ કરતાં કહે છે, "આનામાં તો અક્કલ જ નથી. કટકો કોરો રાખવાનો હોય કે ભીનો? સહેજ ભીનો કરી જુઓ, અને પછી ચોક્કસ જગ્યાએ થોડું જોર આપો. પછી જુઓ. ફટાક દઈને ખૂલી જાય છે કે નહીં." કોઈ ઢાંકણને તેના વાસણ સહિત સહેજ ગરમ કરવાની વાત કરે છે, તો કોઈ ઢાંકણની બાજુના ભાગને હથોડી કે પથ્થરથી સહેજ ટીપવાનું કહે છે. ઢાંકણખોલ વખતે વધુ લોકો હાજર હોય તો, તે નિષ્ણાતોના જ્ઞાનપ્રદર્શનનું મેદાન બની જાય છે.

ઢાંકણ ખોલવામાં નિષ્ફળતા પર નિષ્ફળતા મળ્યા પછી માણસને સૌથી ઓછી જરૂર હોય તો તે પારકી સલાહની. એવાં સૂચનોનું પ્રમાણ વધતાં એક તબક્કે તેને એવો વિચાર આવી જાય છે કે સલાહવમન કરનારાના માથા પર જ તે ડબ્બા કે બોટલનો આગળનો ભાગ પછાડવો. તેનાથી ઢાંકણ ન ખુલે, પણ તે બોલતા બંધ થાય તો એ કંઈ ઓછો લાભ નહીં હોય.

શાણા લોકો ઢાંકણખોલ કે તેના ખોલનારને હળવાશથી લેતાં નથી. મુંબઈસ્થિત એક પરમ મિત્રના કહેવા પ્રમાણે, તેમણે જીવનસાથી નહીં, પણ ઢાંકણસાથી શોધવા માટે લગ્ન કર્યું હતું અને જ્યારે પણ કઠણ ઢાંકણ ખોલવાનું થાય ત્યારે ('ત્યારે જ' નહીં) તેમને લગ્ન કરેલું વસૂલ લાગે છે. બધા લોકો ઢાંકણખોલના મામલે આટલી ઉચ્ચ ભૂમિકાએ ભલે ન પહોંચી શકે, પણ ખોળાના ખુંદનાર માટે ઘેલો થતો સમાજ ઢાંકણના ખોલનારની યોગ્ય કદર કરતાં શીખે તો ઘણું છે.

## ઈશિતાનું અલકમલક

## ઓનલાઈન કે ઓફલાઈન લૂંટના હમારા કામ !

ક્રાઈમની આ દુનિયામાં લૂંટફાટ - ઉઠાંતરીની ઘટના કરતાં આજકાલ સાયબર ક્રાઈમના સમાચાર ટીવી- અખબારમાં વધુ જોવા - જાણવા - વાંચવા મળે છે. લંડનથી પ્રકાશિત થતું આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અઠવાડિક 'ધ ઈકોનોમિસ્ટ' નાં સંશોધન મુજબ સાયબર ગઠિયા રોજબરોજ એવી એવી જાતભાતની અવનવી ટ્રીક્સ સાથે એના શિકાર પર ત્રાટકે છે કે આપણે અવાક રહી જઈએ. આ ઉપરાંત એવા પણ ભેજાબાજ સાયબર ગઠિયા છે જે તમારી આંખ પલકાવાની જન્મજાત રીતથી લઈને ચહેરાના હાવભાવ -અવાજ ઈત્યાદિનો સોશિયલ મીડિયા પરથી આબેહૂબ નકલ કરીને વીડિયો કોલ દ્વારા તમારા સ્વજનો -મિત્રોને ભોળવીને ગણતરીની મિનિટોમાં તમારા સહિત એ બધાંનાં બેન્ક અકાઉન્ટ તળિયાઝાટક કરી શકે છે! થોડા દિવસ પહેલાં હૈદરાબાદના સાયબર ક્રાઈમ સેલ દ્વારા વોટ્સએપ મેસેજિંગ સર્વિસ પર ચાલતું એક સાયબર કૌભાંડ ઉઘાડું પાડવામાં આવ્યું છે. ઓનલાઈન ગઠિયા ટોળકીની એક લેટેસ્ટ ટ્રીક એવી છે કે તમારા વોટ્સએપ નંબર પર એક મેસેજ આવે કે 'તમારા ખાતામાંથી ફલાણી રકમ ડેબિટ થઈ છે?' તમે સહેજે છે કે તમારું બેન્ક બેલેન્સ ચેક કરીને જવાબ આપો કે 'ના'. આવા 'NO' જવાબ સાથે તમારા અકાઉન્ટની બધી જ માહિતી પેલા સાયબર ગઠિયાને પહોંચી જાય છે અને ગણતરીની મિનિટોમાં તમારા બેન્ક ખાતામાંથી તગડી રકમની ઉઠાંતરી થઈ જાય છે! આવા કેટલાક કિસ્સા નોંધાયા પછી સાયબર સેલે એક જાહેર ચેતવણી બહાર પાડીને લોકોને કહ્યું છે કે તમને વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી આવો કોઈ મેસેજ આવે તો કોઈ પણ પ્રકારનો 'યસ'-'નો' જવાબ આપ્યા વગર જ પેલો નંબર તાત્કાલિક બ્લોક કરીને એનો મેસેજ ડિલિટ કરી નાખવો અને જો તમે પેલાને ઉતાવળે'ના' કે 'હા' માં જવાબ આપી પણ દીધો હોય તો તાત્કાલિક તમારી બેન્ક અને સાયબર ક્રાઈમ સેલને (૧૯૩૦ નંબર) જાણ કરવી. આવી ઓનલાઈન થતી ઉઠાંતરીઓ વચ્ચે પણ કેટલાક સુપર ચાલબાજો એવા હિંમતબાજ છે જે સાયબરનો સહારો લીધા વગર રૂબરૂ લોકોની સમક્ષ આવીને ધાડ પાડીને અલોપ થઈ જાય છે. આવી જે તાજી ઘટના દાહોદમાં બની છે એની રોચક વિગત જાણવા જેવી છે. થોડા દિવસ પહેલાં રથયાત્રાના દિવસે અહીંના એક જાણીતા જવેલર્સને ત્યાં એક ફોન આવ્યો. સામેથી પોતાની ઓળખાણ 'ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેન્ક'ના મેનેજર સુમિતકુમાર તરીકે આપી અને કહ્યું કે મારો પરિવાર રથયાત્રા અવસરે ૨૦૦ ગ્રામ સોનાના બિસ્કિટ મંદિરમાં દાનમાં આપવા ઈચ્છે છે તો એ સોનાનાં બિસ્કિટની ડિલિવરી એની બેન્ક પર જો કરવામાં આવે તો એની રોકડ કિંમત હાથોહાથ ચૂકવી દેવામાં આવશે. પેલા જવેલર હોંશે હોંશે ઓર્ડર લઈને સોનાનાં બિસ્કિટ પહોંચાડવા બેન્કના એડ્રસ પર પહોંચ્યા તો ત્યાં આ નવી બેન્કના સ્ટાફ તરીકે કેટલાક ઉમેદવારોના ઈન્ટરવ્યૂ પણ ચાલતા હતા, જવેલર બેન્કના મેનેજર સુમિતકુમારને મળ્યા. ૨૦૦ ગ્રામ સોનાના બિસ્કિટની ડિલિવરી કરી, જેની કિંમત અંદાજે રૂપિયા ૨૯ લાખ હતી. એ રોકડ રકમ લેવા પેલા મેનેજર પોતાની કેબિનમાં ગયા. તે એવા ગયા કે પરત આવ્યા જ નહીં! જવેલર્સ રાહ જોતાં ખાસ્સી વાર બેઠા રહ્યા પછી શંકા જતાં મેનેજરની કેબિનમાં ગયા ત્યારે ખબર પડી કે ત્યાંના પાછલા ડોર- દરવાજાથી મેનેજર તો સોનાનાં બિસ્કિટ સાથે નવ-દો -અગિયારા થઈ ગયા હતા! પોલીસ આવી. તપાસ માંડી તો જાણ થઈ કે બે દિવસ પહેલાં એક શોપિંગ સેન્ટરમાં ભાડે લીધેલી આ જગ્યા પર કોઈ ગઠિયા ટોળકીએ સેટ લગાડીને આબેહૂબ બેન્કનો નકલી માહોલ ઊભો કરી દીધો હતો અને સ્ટાફ તરીકે ઈન્ટરવ્યૂ માટે થોડા ઉમેદવારોને પણ બોલાવી રાખેલા! 'ઈશિતા' પાસે આવેલા છેલ્લા સમાચાર અનુસાર ગુજરાત - રાજસ્થાન બોર્ડર નજીકથી આ લૂંટના ૩ આરોપીને પોલીસે ઝડપી લીધા છે.




## જંતરમંતરનું બખડજંતર...

આજકાલ જનરેશન - જી ની સાથે પાટનગરનું વિરોધ પ્રદર્શનનું એક સ્થળ 'જંતરમંતર' પણ ખાસ્સું જાણીતું થઈ ગયું છે. આવો જ જંતરમંતરના નામે ઈન્દોરનો એક કિસ્સો પણ સમાચારમાં ચમક્યો છે. જુવાન હૈયાં પ્રેમમાં પડે - ઘરે વિરોધ થાય તો પ્રેમી યુગલ નાસી જાય એ વાત સમજી શકાય પણ હમણાં તો અજબ પ્રેમના ગજબ કિસ્સા બની રહ્યા છે. પરિણીત પુરુષ એની ભાવિ વેવાણ સાથે અલોપ થઈ જાય કે પરણેલી કન્યા એના સગા બનેવી સાથે અલોપ થઈ જાય એવી ઘટના સામાન્ય થતી જાય છે. ભાગમભાગની એક વધુ ઘટના પણ અહીં મમળાવી લો.આ વાત ઈન્દોરની છે. આજના જમાનામાં મોટાભાગના પરણેતરને એકબીજા સાથે કંઈક ને કંઈક અસંતોષ તો રહેવાનો. રાતે બેડરૂમમાં પતિ સાથે 'જામતું' હોય તો દિવસે દીવાનખંડમાં એ બે વચ્ચે છુટ્ટા હાથે ચીજ-વસ્તુઓની ફેંકમફેંક ચાલતી હોય છે. મૂળ વાત પર આવીએ તો ઈન્દોરની એક નવી પરણેતર કવિતા (નામ બદલ્યું છે) તાજેતરમાં ઘરેણાં અને



ખાસી મોટી રકમ સાથે ગુમ થઈ ગઈ. પતિ અને પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી. 'કુછ તો ગરબડ હૈ દયા!'ના અંદાજથી ઈન્દોર પોલીસે તપાસ આદરી તો કવિતાના મોબાઈલ લોકેશનથી એની ભાળ મળી કે એ ભોપાળમાં છે. પોલીસ ભોપાળ પહોંચી. ત્યાં કવિતાની ઉલટતપાસ લીધી તો સાવ નવી જ વાત જાણવા મળી કે કવિતાને પતિ સાથે કેટલીક ઘરેલુ સમસ્યા હતી. એ ઉકેલવા કવિતા તત્પર હતી પરંતુ પતિ સાથ - સહકાર નહોતો આપતો એટલે એના ઉકેલરૂપે કવિતાએ એક તાંત્રિકને વાયા - વાયા શોધી કાઢ્યો. પેલાએ ગેરેન્ટી આપી કે મંત્ર- તંત્રના અમુક - તમુક પ્રયોગ દ્વારા કવિતા અને એના પતિ વચ્ચે સાંસારિક સુલેહ કરાવી આપશે. એ યુવાન તાંત્રિક રાકેશના માર્ગદર્શન હેઠળ કવિતાએ રોજિંદી તાંત્રિક વિધિ શરૂ કરી. પરિચય વધતો ગયો - નજદિકિયા વધી ગઈ પછી પતિને પડતો મૂકીને ઝવેરાત અને મોટી રોકડ રકમ લઈને કવિતા અને રાકેશ બન્ને સાગમટે લાપત્તા થઈ ગયાં. ભોપાળ જઈ બન્ને સાથે રહેવા લાગ્યાં. મામલો ઠંડો પડે પછી પતિ સાથે છૂટાછેડા લઈને કવિતા-રાકેશ પરણી જાય એવો પ્લાન હતો ત્યાં પોલીસ ખાબકી ને જંતરમંતરથી નજરબંધી કરનારા તાંત્રિક અને ભાગેડુ પરણેતર કવિતાનો મેરેજનો માસ્ટર પ્લાન ચોપટ થઈ ગયો.

## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» સાયબર ક્રાઈમની વાત ચાલે છે ત્યારે જાણી લો કે લેટેસ્ટ સર્વેનાં તારણ અનુસાર છેલ્લાં પાંચ વર્ષમાં દેશભરમાંથી કુલ ૫૪ લાખ આના વિશે ફરિયાદો નોંધાઈ છે પરંતુ એમાંથી FIR માત્ર ૧.૩૦ લાખ (૨.૪ %!) કેસની જ નોંધાઈ છે ! અને આમાંથી કેટલા કેસ ઉકેલાયા એમાં પણ મતમતાંતર હોવાથી કોઈ ચોક્કસ આંકડો મળતો નથી.

» ગુજરાતના કયા કયા વિસ્તારોમાં ખાણી - પીણીનાં કેવાં કેવાં દૂષણ વ્યાપેલાં છે એની આંકડાબાજી ગયા અઠવાડિયે 'ઈશિતા'એ તમને જણાવી હતી તો આજે અહીં એ પણ જાણી લો કે પ્લાસ્ટિકનું પ્રદૂષણ ઈન્ડોનેશિયામાં કેવું વકર્યું છે. અહીંના લોકો દર મહિને ૩ ક્રેડિટ કાર્ડ જેટલું પ્લાસ્ટિક અજાણતાં જ ગળી જાય છે!

## ઈશિતાની એલચી

**સુખ અને આનંદની વ્યાખ્યા શું ?
ગમતું મળે એ સુખ,
અનાયાસ મળે એ આનંદ...!!**